જન્મદિને વધામણી

ડા.રવિ સુરેશભાઈ પંચાલ
દખણેશ્વર, તા.બાયડ

મુકેશભાઈ ડી. પટેલ
(સી.આર.સી.
કો.ઓર્ડીનેટર)
બોરડીટીંબાકંપા, તા.ધનસુરા

યુસુફભાઈ શેખ
(પૂર્વ ઉપસરપંચ : ગાબટ
ગ્રામ પંચાયત)
ગાબટ, તા.બાયડ

રાજેન્દ્રસિંહ રાઠોડ
(પૂર્વ સરપંચશ્રી)
મું.સઢા,
તા.હિંમતનગર.


સંસ્કારકુમાર કૃણાલભાઈ
(ગોપાલ) પટેલ
બાયડ

અવસાન નોંધ

બાયડ : બાયડ તાલુકાના ગાબટ ગામના કેયૂરભાઈ પટેલ(લાભ મેડીકલ-ગાબટ)ના પિતા અને ગાબટ ગ્રામ પંચાયતના પૂર્વ ઉપસરપંચ પરેશભાઈ પટેલના કાકા સુભાષભાઈ લલ્લુભાઈ પટેલનું નિધન થયેલ છે. કોરોનાની વર્તમાન સ્થિતિને ધ્યાને રાખી બેસણું તથા લૌકિક ક્રિયા બંધ રાખેલ છે. ટેલિફોનિક બેસણું આજે તા.૨ મે., રવિવારે સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ રાખેલ છે.

●●●

બાયડ : મોડાસાના ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ સોનીનું નિધન થતાં શ્રી મોડાસા શ્રીમાળી સોની વિકાસ ટ્રસ્ટ-મોડાસાના સર્વ સભ્યોમાં શોકની લાગણી ફરી વળી છે.

ગુજરાતમાં કોરોનાના નવા ૧૩૮૪૭ કેસ નોંધાયા

રાજ્યમાં કોરોનાને લીધે અત્યાર સુધી ૭૩૫૫ લોકોના મૃત્યુ થયા છે : અમદાવાદ શહેરમાં ૨૧ લોકોના મોત

ગાંધીનગર, તા.૧

ગુજરાત માટે આજે રાહતના સમાચાર છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના કેસમાં સામાન્ય ઘટાડો થયો છે. નવા કેસનો આંકડો ૧૪ હજારની નીચે પહોંચી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના નવા ૧૩૮૪૭ નવા કેસ સામે આવ્યા છે. તો આ દરમિયાન ૧૭૨ લોકોના મૃત્યુ થયા છે. આ દરમિયાન કોરોનાની સારવાર બાદ રાજ્યમાં ૧૦૫૮૨ દર્દીઓ સાજા થયા છે. નવા કેસની સાથે રાજ્યમાં કુલ સંક્રમિતોનો આંકડો ૫ લાખ ૮૧ હજાર ૬૨૪ થઈ ગયો છે. રાજ્યમાં કોરોનાને લીધે અત્યાર સુધી ૭૩૫૫ લોકોના મૃત્યુ થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ શહેરમાં સૌથી વધુ ૪૯૮૦ નવા કેસ સામે આવ્યા છે. તો સુરત શહેરમાં ૧૭૯૫, રાજકોટ શહેરમાં ૬૦૫, વડોદરા શહેરમાં ૫૪૭, મહેસાણામાં ૫૧૭, ભાવનગર શહેરમાં ૪૧૦, સુરત ગ્રામ્ય ૩૯૩, જામનગર શહેર ૩૯૦, જામનગર ગ્રામ્ય ૩૫૩, વડોદરા ગ્રામ્ય ૨૩૬, બનાસકાંઠામાં ૧૯૮, ખેડામાં ૧૯૬ અને પાટણમાં ૧૬૯ કેસ સામે આવ્યા છે. અમદાવાદ શહેરમાં ૨૧ લોકોના મોત થયા છે. તો સુરત શહેરમાં ૧૮, રાજકોટ શહેરમાં ૧૦, વડોદરા શહેરમાં ૧૧, મહેસાણામાં ૪, ભાવનગર શહેરમાં ૬, સુરત ગ્રામ્ય ૬, જામનગર શહેર ૯, જામનગર ગ્રામ્ય ૭, વડોદરા ગ્રામ્ય ૬, બનાસકાંઠા ૩, પાટણમાં ૪ લોકોના મોત થયા છે. ગુજરાતમાં એક્ટિવ કેસની સંખ્યા ૧ લાખ ૪૨ હજાર ૧૩૯ છે. જેમાં ૬૩૭ દર્દીઓ વેન્ટિલેટર છે. તો કોરોનાની સારવાર બાદ અત્યાર સુધી ૪૨૯૧૩૦ લોકો સાજા થયા છે. રાજ્યમાં કોરોનાથી અત્યાર સુધી ૭૩૫૫ લોકોના મોત થયા છે. રાજ્યનો રિકવરી રેટ ૭૩.૭૮ ટકા છે. રાજ્યમાં અત્યાર સુધી ૯૮,૧૧૧,૮૬૩ લોકોને રસીનો પ્રથમ ડોઝ અને ૨૪,૯૨,૪૯૬ લોકોને રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે.

કોરોના કોર્નર

- ઓલપાડના ફાર્મ હાઉસમાંથી ડુપ્લીકેટ રેમડેસિવિર બનાવવાનું કૌભાંડ પકડાયુ, સાતની ધરપકડ.
- રશિયાની સ્પૂતનિક-V કોરોના વેક્સીનનો પહેલો જથ્થો ભારત આવી પહોંચ્યો.
- દિલ્હીની બતરા હોસ્પિટલમાં આઠ દર્દીઓએ ઓક્સિજનના અભાવે જીવ ગુમાવ્યો.
- દુરદર્શનના જાણીતા એન્કર કનુ પ્રિયાનું કોરોનાથી મૃત્યુ.
- ભારતની અમેરિકાની મુસાફરી પર ચોથી મે થી પ્રતિબંધ.
- ભરૂચની કોવિડ હોસ્પિટલમાં આગ લાગતા અઢારના મૃત્યુ.
- દિલ્હીમાં લોકડાઉન વધુ એક અઠવાડિયુ લંબાવાયુ.
- બનાસકાંઠામાં રેમડેસિવિરના કાળાબજાર કરતા આઠ શખ્સોને પોલીસે રંગેહાથ પકડ્યા.
- રિલાયન્સ દરરોજ એક હજાર ટન ઓક્સિજન આપશે, મુકેશ અંબાણી જાતે દેખરેખ રાખશે.
- સુરત સિવિલ હોસ્પિટલમાં પીપીઈ કિટ પહેરીને મોબાઈલ ચોરી કરતો શખ્સ પકડાયો.
- ભારતમાં લોકડાઉન જરૂરી હોવાનું યુએસનું નિવેદન.

વાંટડાકાવઠના ખેડૂતની જમીન પચાવી પાડતાં ૩ ખેડૂતો સામે ગુનો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

બાયડ તાલુકામાં ખેડૂતોની જમીનો પચાવી પાડવાના કિસ્સા વધ્યા છે ત્યારે ગુજરાત સરકારે જમીન પચાવી પાડનારા માફીયાઓ સામે ગ્રેબિયલ એક્ટ હેઠળ ગુના નોંધવાની જોગવાઈ કરતાં એક પછી એક વિવિધ વિસ્તારોમાં ગુના નોંધાઈ રહ્યા છે. બાયડ તાલુકાના વાંટડાકાવઠ ગામના રમણભાઈ સોમાભાઈ ઝાલાએ તેમની જમીન ભાગે વાવવા આપી હતી તે ખેડૂતોએ પચાવી પાડી ગેરકાયદે કાચા-પાકા મકાનો બનાવી અને પ્રવેશ કરીશ તો મારી નાખવાની ધમકી આપ્યા પછી મામલો તંત્ર સમક્ષ પહોંચ્યો હતો. જમીન પચાવી પાડનારા ખેડૂતો સામે જમીન પચાવી પાડવા અધિનિયમ હેઠળ ગુનો નોંધવાનો આદેશ થતાં બાયડ પોલીસે ગ્રેબિયલ એક્ટ હેઠળ પ્રથમ ગુનો નોંધ્યો છે. નાયબ પોલીસ વડા વિશાલ રબારી દ્વારા તપાસનો ધમધમાટ શરૂ થયો છે.

બાયડ તાલુકામાં પ્રથમ ગુનો નોંધાતાં નાયબ પોલીસ વડા દ્વારા તપાસનો ધમધમાટ

અગાઉના વર્ષોમાં સરકારી બાબુઓ અને જમીન માફીયાઓની મીલીભગતથી અનેક ગરીબ ખેડૂતોની જમીનો પચાવી પાડવામાં આવતી હતી. જેના કારણે અનેક ગરીબ પરિવારો બરબાદ થઈ ગયા હતા. રાજ્યની ભાજપ સરકારે જમીન પચાવી પાડનારા માફીયાઓ સામે ગ્રેબિયલ એક્ટ હેઠળ ગુનો નોંધવાની જોગવાઈ કર્યા પછી અનેક ભૂમાફીયા હચમચ્યા છે. અરવલ્લી જિલ્લામાં જમીન પચાવી પાડવાના અત્યાર સુધી ૧૭ જેટલા કેસ તંત્ર સમક્ષ પહોંચ્યા છે. જેમાં તપાસ પછી કેટલાક કેસમાં તપાસના આદેશ આપવામાં આવ્યા છે અને ત્યારબાદ ફરિયાદ નોંધાઈ રહી છે. બાયડ તાલુકા તાલુકાના વાંટડાકાવઠના રમણભાઈ સોમાભાઈ ઝાલાની સર્વે નં.૧૮પની ૩ વિઘાં જમીન નટવરભાઈ રેવાભાઈ ઝાલા, જવાભાઈ રેવાભાઈ ઝાલા, માધુભાઈ રેવાભાઈ ઝાલા (તમામ રહે.વાંટડાકાવઠ) વર્ષ-૧૯૯૫ થી ભાગમાં વાવવા આપી હતી અને ખેડૂતને વિશ્વાસમાં લીધા વગર ગર્ભિત કે મૌખિક કરાર વગર ૨૦૧૪ની સાલમાં ૫ પાકાં મકાન અને કાચાં મકાન પોતાનો હક્ક ન હોવા છતાં બનાવી દીધાં હતાં અને તમામ મિલ્કત પચાવી પાડી પ્રવેશ કરીશ તો મારી નાખવાની ધમકી આપતા હતા. જેથી જમીન પચાવી પાડનારા ખેડૂત સામે કાર્યવાહી કરવા માટે જિલ્લા તંત્રને અરજ કરી હતી અને તપાસ બાદ જમીન પચાવી પાડવાનો ગુનો બનતો હોવાથી બાયડ પોલીસે આરોપીઓ વિરૂદ્ધ ઈ.પી.કો. કલમ-૪૪૭, ૪૦૬, ૫૦૪, ૫૦૬(૨), ગુજરાત જમીન પચાવી પાડવા અધિનિયમ કલમ-૪(૧), ૪(૨), ૫(૧) મુજબ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ઉત્તર ગુજરાતના આકાશમાં કાળાં ડિબાંગ વાદળ ગોરંભાયાં, ચોમાસુ વહેલું શરૂ થવાની સંભાવના..!!

બાયડ, ભિલોડા, શામળાજી, વિજયનગર સહિતના વિસ્તારોમાં વરસાદી ફોરાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

ઉત્તર ગુજરાતમાં ઉનાળાની કાળઝાળ ગરમીમાં હવામાન પલ્ટાવ આવ્યો છે. કાળાં ડિબાંગ

વાદળ ગોરંભાતાં ચોમાસુ વહેલું શરૂ થવાના કુદરતે સંકેત આપ્યા હોય તેવું હવામાન જામ્યું છે. જ્યારે દક્ષિણ એશિયામાં સામાન્ય કરતાં વધુ વરસાદનું જળવાયુ ફોરમનું અનુમાન છે. તે જોતાં દેશમાં ૨ જી મે. થી વહેલા ચોમાસાનો વર્તારો વ્યક્ત થઈ રહ્યો છે.

દર વર્ષે જુન મહિનામાં ચોમાસુ શરૂ થાય તેવું માનવામાં આવે છે પરંતુ પાછલા ૫ વર્ષ ઉપર નજર કરવામાં આવે તો જૂન મહિનામાં વાવણીલાયક વરસાદ વરસ્યા પછી વરસાદમાં વિલંબ થતો અને ખેડૂતોનું બિયારણ નિષ્ફળ જતું હતું. પરંતુ મોટાભાગે જુલાઈ મહિનાથી જ ખેડૂતો ચોમાસુ ખેતીનો આરંભ કરતા આવ્યા છે. પરંતુ આ વર્ષે એપ્રિલ મહિનાના અંતમાં અને મે. મહિનાના આરંભમાં આકાશમાં કાળાં ડિબાંગ વાદળો ગોરંભાયાં પછી તાપમાનનો પારો ૪ થી ૫ ડિગ્રી ગગડ્યો છે. બાયડ સહિતના કેટલાક વિસ્તારોમાં પરોઢે સામાન્ય વરસાદી ફોરાં વરસ્યાં હતાં જેથી ગરમી અને બફારામાં પીસાતી પ્રજાને રાહત થઈ હતી. બપોર બાદ પણ અનેક વિસ્તારોમાં વાદળછાયા વાતાવરણના કારણે તાપમાનનો પારો નીચે આવ્યો છે. ભિલોડા, શામળાજી, વિજયનગર સહિતના વિસ્તારોમાં વરસાદી ફોરાં પડ્યાનું જાણવા મળ્યું છે.



બાયડ તાલુકામાં એકાએક હવામાનમાં પલટો પછી ગોડનાલ સહિતના વિસ્તારમાં કરા સાથે કમોસમી વરસાદ પડયો...

ખુશી વ્યક્ત કરવી કે નાખુશી

અરવલ્લીના ૩૬ પ્રા.શિક્ષકોને વધ-ઘટ બદલી કેમ્પમાં પસંદ કરવામાં આવેલ શાળામાં ઓનલાઈનથી હાજર કરવા આદેશ

હાઈકોર્ટના દ્વાર ખટખટાવનારા પ્રા.શિક્ષકો માટે હાઈકોર્ટના ઓરલ ઓર્ડરનો અમલ : માર્ચથી પગાર બદલીવાળી શાળાએ ચૂકવવા પણ આદેશ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

અરવલ્લી જિલ્લાના ૬ તાલુકાના પ્રા.શિક્ષકો માટે વધ-ઘટ બદલી કેમ્પ નવેમ્બર-૨૦૨૦માં યોજાઈ ગયો જેમાં સિનિયોરીટીમાં અન્યાય થતાં ૫૫ પ્રા.શિક્ષકોએ બદલી કેમ્પમાં પસંદ કરાયેલા સ્થળે હાજર થવાનો ઈન્કાર કર્યો હતો જેમાં કોર્ટ ગયેલા પ્રા.શિક્ષકો પૈકી ૩૬ પ્રા.શિક્ષકો માટે ગુજરાત હાઈકોર્ટે આપેલા આદેશ મુજબ અરવલ્લી જિલ્લા પ્રા.શિક્ષણ સમિતિ દ્વારા ૩૬ પ્રા.શિક્ષકોને વધ-ઘટ બદલી કેમ્પમાં પસંદ કરવામાં આવેલ શાળામાં ઓનલાઈનથી હાજર કરવાના તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને આદેશ કરવામાં આવ્યા છે. શાળાના મુખ્ય શિક્ષક દ્વારા શિક્ષકોને કાર્ય વહેંચણી કરવી અને ધોરણવાર અધ્યાયન કરાવવાનો થતો હોય તો તે તમામ વિદ્યાર્થીઓના મોબાઈલ નંબર શિક્ષકોને આપવા પણ આદેશ કરવામાં આવ્યા છે. હાઈકોર્ટના ઓરલ ઓર્ડર પછી વિભાગ દ્વારા તેનો અમલ થતાં પ્રા.શિક્ષકો માટે ખુશી વ્યક્ત કરવી કે નાખુશી તેની અવઢવ ઉભી થઈ છે.

મોડાસા, બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ અને ભિલોડા તાલુકાના પ્રા.શિક્ષકો માટે વધ-ઘટ બદલી કેમ્પ મોડાસાની ડુગરવાડા પ્રા.શાળામાં યોજવામાં આવ્યો હતો જેમાં સિનિયોરીટી મુદ્દે અન્યાય થતાં પ્રા.શિક્ષકોએ બદલી કેમ્પનો બહિષ્કાર કર્યો પરંતુ સમજાવટ પછી પ્રા.શિક્ષકો કેમ્પમાં હાજર થયા. તમામ પ્રા.શિક્ષકોને બદલી કેમ્પમાં પસંદ કરવામાં આવેલી શાળાના નિયુક્તિ ઓર્ડર આપવામાં આવ્યા હતા પરંતુ ૯૦ પ્રા.શિક્ષકો પૈકી ૫૫ પ્રા.શિક્ષકો કોર્ટમાં ગયા હતા અને ત્યારબાદ ૬ જેટલા શિક્ષકોએ આદેશને સ્વીકારી બદલી થયેલી શાળામાં હાજર થયા હતા. પોતાને બદલી કેમ્પમાં અન્યાય થયો છે તેમ લાગતાં પ્રા.શિક્ષકો તેમના એડવોકેટ મારફતે હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા. હાઈકોર્ટમાં ગયેલા પ્રા.શિક્ષકોના પગાર અટકાવી દેવાતાં કોરોના કાળમાં પ્રા.શિક્ષકોની હાલત કફોડી બની હતી પરંતુ તાજેતરમાં કેસ હાઈકોર્ટમાં ચાલી જતાં હાઈકોર્ટે કરેલા ઓરલ ઓર્ડર અનુસાર જિલ્લા પ્રા.શિક્ષણ સમિતિ દ્વારા પ્રા.શિક્ષકો પૈકી કોર્ટમાં ગયેલા ૩૬ શિક્ષકોને તેમને બદલી કેમ્પમાં પસંદ કરેલ શાળામાં ઓનલાઈન માધ્યમથી હાજર થવા જણાવાયું છે. જ્યારે આવા શિક્ષકોએ વિદ્યાર્થીની જરૂરીયાત મુજબ ઓનલાઈન અધ્યયન કરાવવું પડશે અને તેની જવાબદારી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની રહેશે. બી.આર.સી. અને સી.આર.સી.ના માધ્યમથી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ કામગીરી કરાવવાની રહેશે. જે શિક્ષકોના પગાર અટકાવવામાં આવ્યા હતા તેમના જાન્યુઆરી, ફેબ્રુઆરીના પગાર બાબતે કોઈ સ્પષ્ટતા થઈ નથી પરંતુ માર્ચ-૨૦૨૧ થી પગાર ગુજરાત હાઈકોર્ટના આદેશ મુજબ બદલીવાળી શાળાએ ચૂકવવા આદેશ કરવામાં આવ્યો છે. શિક્ષકોએ ઈન્ટરનેટ અને ગેજેટની સુવિધા સ્વખર્ચે ઉભી કરવા પણ જણાવવામાં આવ્યું છે.

બાયડમાં બજાર ખુલ્યું : દુકાનો, શોપીંગ મોલમાં પ્રજાની ભીડ, સંક્રમણ વધવાની દહેશત

પ્રજાએ સ્વયં કોવિડ ગાઈડલાઈનનો અમલ કરવો પડશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

સળંગ ૯ દિવસ કોરોનાના વધતા સંક્રમણથી બાયડના વેપારીઓએ ધંધા-રોજગાર બંધ રાખ્યા હતા. શનિવારે બજાર ખુલતાંની સાથે દુકાનો, શોપીંગ અને મોલમાં પ્રજાની ભીડ એકત્ર થઈ છે. સોશ્યલ ડિસ્ટન્સના અમલમાં બેદરકારીના દ્રશ્યો સામે આવ્યા. પ્રજા હજુ પણ સાવધ નહીં થાય તો સંક્રમણ વધવાની દહેશત છે. બજારો ખૂલ્યા પછી ગ્રામ્ય વિસ્તારમાં ખરીદી માટે પ્રજા ઉમટતાં બસ સ્ટેશન વિસ્તારમાં વારંવાર ટ્રાફીકજામના દ્રશ્યો જોવા મળ્યો.

કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે કોરોનાની ચેઈન તોડવી માત્ર વિકલ્પ બચ્યો છે. જિલ્લાના અનેક વિસ્તારોમાં વેપારીઓએ આંશિક અને ત્યારબાદ સ્વયંભૂ લૉકડાઉન અમલી બનાવી જિલ્લાની પ્રજાને કોરોનાથી સંક્રમિત ન થાય તેની તકેદારી રાખી વેપારીઓ દ્વારા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગને સહયોગ આપવામાં આવી રહ્યો છે. પરંતુ લૉકડાઉન બેઅસર રહ્યું હોય તેમ સમગ્ર જિલ્લામાં કોરોના સંક્રમિત કેસમાં ઉછાળો આવવાની સાથે મૃત્યુદર ઉંચકાયો છે. ગત તા.૨૨ એપ્રિલથી કોરોનાનું સંક્રમણ અટકે તે માટે તંત્ર દ્વારા વેપારીઓને ધંધા-રોજગાર બંધ રાખવા અપીલ કરવામાં આવી હતી. વેપારીઓએ ધંધા-રોજગાર સળંગ ૯ દિવસ બંધ રાખ્યા હતા. લૉકડાઉનનો સમય પૂરો થયા પછી તા.૧ મે.ના રોજ બાયડના તમામ ધંધા-રોજગાર ખૂલ્યા અને જોત જોતામાં દુકાનો આગળ ખરીદી માટે ભીડ જામી. દુકાનો ઉપરાંત માર્ગો ઉપર પણ પ્રજાની ભીડ જોવા મળી હતી. જેમાં સોશ્યલ ડિસ્ટન્સનો ભંગ પણ જોવા મળ્યો. વેપારીઓએ અમૂલ્ય સહયોગ આપ્યો પરંતુ પ્રજાએ પણ હવે કોરોનાના સંક્રમણથી બચવા સોશ્યલ ડિસ્ટન્સ તેમજ માસ્કનો ફરજીયાત ઉપયોગ કરવો રહ્યો.

ભીડ વધવાની દહેશતથી અનેક વેપારીઓએ દુકાનો બંધ રાખી..

બાયડ : બાયડમાં સળંગ ૯ દિવસથી ધંધા-રોજગાર બંધ હતા. શનિવારથી ધંધા-રોજગાર ખૂલ્યા પરંતુ કેટલાક વેપારીઓએ ખરીદી માટે ગ્રામ્ય વિસ્તારમાંથી લોકો ઉમટશે. સોશ્યલ ડિસ્ટન્સનો ભંગ થશે તેવી દહેશત સાથે દુકાનો બંધ રાખી હતી. કેટલાક વેપારીઓએ તો સોમવાર અથવા મંગળવારે બજારમાં ભીડ ઓછી થાય પછી દુકાનો ખોલવા માટે મન બનાવ્યું છે.

ઈડર તાલુકાના ચિત્રોડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કોરોનાની ટેસ્ટિંગ કીટ ખૂટતા લોકો મુશ્કેલીમાં મુકાયા

ચિત્રોડા ગામના છેલ્લા બે દિવસમાં ૯ના મોત શંકાસ્પદ : છેલ્લા એક અઠવાડિયાથી કીટના અભાવે ટેસ્ટિંગ બંધ, : ચિત્રોડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સમવર્તીત ગામોના લોકો ભગવાન ભરોસે : કોરોના દર્દીઓને અપાતી દવાની પણ અછત

ઈડર તા.૧

ઈડર તાલુકા ના ચિત્રોડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માં કોરોના ની ટેસ્ટિંગ કીટ નો ઉપલબ્ધ ન હોવાથી છેલ્લા એક અઠવાડિયા થી કોરોના નો રેપીટ ટેસ્ટ બંધ હોવાથી ચિત્રોડા આજુબાજુના દસ ગામોના લોકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે, પાછલા એક મહિનાથી રોજ ની પંદર થી વિસ કિટો રોજની આવતી હતી તે પણ છેલ્લા પાંચ-છ દિવસથી આવતી ના હોવાથી લોકો ભારે હાલાકી નો સામનો કરી રહ્યા છે, ટેસ્ટ વગર યોગ્ય નિદાન ના અભાવે લોકો વધુ પડતી મુશ્કેલીમાં મુકાયા છે.ઈડર તાલુકાના મોટા ભાગના કેન્દ્રો પર ટેસ્ટિંગ કિટની અછત હોવાથી ટેસ્ટ થતા ન હોવાથી લોકોનું ચોક્કસ નિદાનના અભાવે સમયસર સારવાર લઈ શકતા નથી.

કોરોના ની બીજી લહેર ઘાતક અને જીવલેણ સાબિત થઈ રહી છે, શહેરોમા અને ગામડાઓમાં કોરોનાએ કારો કેળ વાર્તાવતા લોકો ટપોટપ મોતના મુખમાં ધકેલાય છે. યોગ્ય અને સમય સર નિદાનના અભાવે લોકો જાન ગુમાવી રહ્યા છે,સરકારની જાહેરાતો અને વાતો

લોકોને વાહિયાત લાગવા માંડી છે, ગામડાઓની પરિસ્થિતિ શહેરો જેવી વિસ્ફોટ બનવા માંડી છે,ઘેર-ઘેર લોકો બીમારી માં સપડાયેલા છે અને કોરોના ઝડપી નિદાન માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માં જાય છે પણ ટેસ્ટિંગ કીટ (રેપીટ ટેસ્ટ)નો અભાવના કારણે સમયસર ટેસ્ટિંગ ન થતા લોકો મોતના મુખમાં ધકેલાય છે.

આ અંગે ચિત્રોડાના ગામલોકો પાસેથી મળતી માહિતી પ્રમાણે ચિત્રોડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માં છેલ્લા એક અઠવાડિયા થી કોરોના ની ટેસ્ટિંગ કીટ ઉપલબ્ધ ન હોવાથી કોરોના નો રેપીટ ટેસ્ટ બંધ કરવામાં આવ્યો છે, જેના કારણે લોકોને સમયસર કોરોના નું નિદાન થઈ શકતું નથી, ગામડાઓની ગરીબ અને મધ્યમ વર્ગ ના લોકોને પ્રાઈવેટ મોટી હોસ્પિટલોના ખર્ચાઓ પોસાય તેમ ન હોવા થી યોગ્ય સમયસર નું નિદાન ના અભાવે લોકો મોત ને ભેટી રહ્યા છે,ત્યારે ચિત્રોડા ગામમાં છેલ્લા બે દિવસ થી નવ લોકોના મોત પણ શંકાસ્પદ થયા છે.અને અસંખ્ય લોકો નિદાન ના અભાવે ભગવાન ભરોસે છે. સિવિલ માં ખાલી બેડ મળતા નથી, ઓક્સિજનની કમી,દવાઓનો અભાવ લોકો ભગવાન ભરોસે છે. ત્યારે મોત ના મુખમાં ધકેલાતી પ્રજાના ને બચાવવા સરકાર ઝડપી ટેસ્ટિંગ કિટો ની ફારવની કરે તેવી લોકલાગણી ઉઠવા પામી છે.

આ અંગે ચિત્રોડા પંચાયતનો સંપર્ક કરતા પંચાયત સભ્ય અને પૂર્વ સરપંચ બાબુભાઈ પેટલ ના જણાવ્યા મુજબ છેલ્લા એક અઠવાડિયા થી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રેપીટ ટેસ્ટ કીટ ઉપલબ્ધ ન હોવાથી ટેસ્ટ બંધ છે ,અને ચોક્કસ નિદાન થઈ શકતું નથી.જ્યારે પંચાયત ચોપડે કોરોનાથી મોત થયેલ એક વ્યક્તિ ની નોંધણી કરવામાં આવી છે.

મોતનો ખેલ

હિંમતનગર, મોડાસા, વાત્રકની સરકારી કોવિડ હોસ્પિટલમાં કોરોનાથી સંક્રમિત કર્મચારીઓ ફરજ ઉપર મૂકાયા

કેટલાક ડૉક્ટર પણ કોરોના પોઝિટિવ હોવાની બહાર આવતી વિગત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

જિલ્લામાં કોરોનાના દર્દીઓ માટે ઓક્સિજન બેડની અછત સાથે રેમડેસિવિર ઈન્જેક્શનનું કાળા બજાર સામે આવતાં માનવતા મરી પરવાર્યાના ક્યાંક દ્રશ્યો જોવા મળે છે. પરંતુ હવે ચિંતા થાય તેવી વિગતો સામે આવી છે. હિંમતનગર, મોડાસા, વાત્રકની સરકારી કોવિડ હોસ્પિટલમાં ઓછા સ્ટાફના કારણે કોરોનાથી સંક્રમિત કર્મચારીઓને ફરજ ઉપર રોકી રાખ્યાનું જાણવા મળ્યું છે. કેટલાક ડૉક્ટર પણ કોરોના પોઝિટિવ છે અને તેઓ અન્ય દર્દીઓના સંપર્કમાં આવ્યા પછી સરકારી કોવિડ હોસ્પિટલોમાં મોતનું તાંડવ ઉભું થવાની દહેશત ઉભી થઈ છે.

કોરોના સામે જીવ સટોસટનો જંગ લડતા ડૉક્ટરોને દર્દીઓએ જોયા છે. અનેક દર્દીઓના જીવ બચાવ્યા છે અને ક્યાંક કોઈ કારણોસર કોરોનાગ્રસ્ત દર્દીનું મોત નિપજ્યું હોય તો ડૉક્ટરો ઉપર હુમલાની વિગતો પણ સામે આવી છે. જિલ્લા વહીવટી તંત્રએ કોરોનાના કેસને ધ્યાને રાખી સરકારી કોવિડ હોસ્પિટલો રાતો રાત બેડ વધારવા, નવા કોવિડ કેર સેન્ટર શરૂ કરવાનો નિર્ણય લઈ તેની અસરકારક અમલવારી કરાવી છે. પરંતુ સ્ટાફની અછતની ઉપેક્ષા કરી છે. જેના કારણે ખાસ કરીને સરકારી કોવિડ હોસ્પિટલમાં ૪૦ થી ૮૦ બેડ માટે નિયુક્ત કરાયેલા સ્ટાફને ૧૦૦ થી ૧૨૦ બેડમાં સારવાર લઈ રહેલા દર્દીઓની સારવાર કરવી મુશ્કેલ પડે છે. એક તો સ્ટાફની અછત, મોટા ભાગની સરકારી કોવિડ હોસ્પિટલમાં તજજ્ઞ ડૉક્ટર નથી જેના કારણે આર.એમ.ઓ. દ્વારા દર્દીઓને સારવાર આપવી પડે છે. સતત એક મહિનાથી કોરોનાએ દાટ વાળતાં ડૉક્ટર અને પેરામેડીકલ સ્ટાફના સતત ઉજાગરાના કારણે માનસિક તણાવ હેઠળ છે. પરંતુ તે પૈકી કેટલાક આરોગ્ય કર્મીઓ કોરોના પોઝિટિવ આવ્યા હોવા છતાં તેમને ફરજ મુક્ત કરવાના બદલે કામગીરી સોંપવામાં આવી છે. આ પ્રકારની ગંભીર બેદરકારી સરકારી કોવિડ હોસ્પિટલમાં મહાઆફત નોંતરી શકે છે.